કેસ રજુ તારીખ : ૨૧/૦૬/૨૦૧૮
કેસ દાખલ તારીખ : ૨૧/૦૬/૨૦૧૮
કેસ ફેસલ તારીખ : ૦૧/૦૧/૨૦૧૯
સમય ગાળો :
વર્ષ માસ દિવસ

---

**મે.એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૧૩માં,મુ.અમદાવાદ.**

---

**ક્રીમી.કેસ નં.૫૮૫૦૧/૨૦૧૮**

**આંક– ૧૩**

**ફરીયાદી** :– નામદાર સરકારશ્રી

**વિરૂધ્ધઃ**

**આરોપી** :– કૈલાશભાઈ ઈશ્વરભાઈ કોષ્ટી,
રહેવાસી– ૩૬/૪૨૭, સાગર એપાર્ટમેન્ટ, હાટકેશ્વર સર્કલ,
અમરાઈવાડી, અમદાવાદ.

**ગુન્હોઃ**– ધી ઈ.પી.કો.કલમ– ૨૯૪(ખ), ૫૦૬(૧) મુજબ

---

**ફરીયાદ પક્ષે ઈન્ચાર્જ એ.પી.પી.શ્રી વ્યાસ**
**આરોપી પક્ષે વિ.વ.શ્રી એસ.પી.વાઘ**

---

–: **ચુ કા દો** :–

(૧) હાલના કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૩/૦૭/૧૭ ના કલાક ૧૬–૦૦ વાગ્યા દરમ્યાન ખોખરા મંગલ કોમ્પલેક્ષમાં આવેલ કૃણાલ બ્યુટીક નામની કપડાની દુકાનમાં ધંધાના પાર્ટનર શીપના હિસાબ બાબતે બોલાચાલી કરી ગંદી ગાળો બોલી ફરિયાદીશ્રીને કહેલ કે "આ દુકાન મારી

છે તારે અહીંયા આવવાનુ નહી" તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુન્હો કર્યાની ફરીયાદ ફરીયાદીએ ખોખરા પોલીસ સ્ટેશનમાં નોંધાવતા તેના આધારે ત. ક. અમલદારે સેકન્ડ ગુ.ર.નં. ૩૦૯૭/૧૭ થી ફરીયાદ નોંધી તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા ઘી ઈ.પી.કો.કલમ– ૨૯૪(ખ), ૫૦૬(૧) મુજબના શિક્ષાપાત્ર ગુનાનું ચાર્જશીટ અત્રે ની અદાલત માં કરેલ છે.

(૨) આ કામે ચાર્જશીટ આવ્યા બાદ નામદાર કોર્ટ તરફથી આરોપી વિરૂધ્ધ સમન્સ કાઢવામાં આવતા આરોપીને સમન્સ બજતા આરોપી નામદાર કોર્ટમાં હાજર થયેલ છે. આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલ ક્રિ.પ્રો. કોડની કલમ ૨૦૭ અન્વયે વિનામુલ્યે પુરી પાડયાની ખાતરી કર્યા બાદ આ કામે આરોપી વિરુધ્ધ આંક–૨ થી તહોમતનામું ફરમાવી આરોપીની આંક–૩ ની પ્લી નોંધતા આરોપીએ હાલનો ગુનો કબુલ ન હોવાનું જણાવતા સદરહું કામ ફરીયાદ પક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ છે.

(૩) ફરિયાદપક્ષે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

| ક્રમ | મૌખિક તથા દસ્તાવેજી પુરાવો | આંક |
|---|---|---|
| ૧ | સમાધાન પુરશીશ | ૬ |
| ૨ | ફરિયાદી નયનભાઈ કરશનદાસ ગઢવીની જુબાની | ૮ |
| ૩ | ફરિયાદ | ૯ |
| ૪ | સી.આર.પી.સી.કલમ– ૧૫૭ નો રિપોર્ટ | ૧૦ |
| ૫ | મેસેજ | ૧૧ |
| ૬ | કલોઝીગ પુરશીશ | ૧૨ |

(૪) ફરીયાદપક્ષે ઉપર મુજબનો પુરાવો પૂર્ણ થયાનું જાહેર કર્યા બાદ આરોપી વિરૂધ્ધનો પુરાવો જોતા તેઓનુ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામા આવેલ નથી. ત્યારબાદ, ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી. શ્રી તથા આરોપી તરફે તેઓના વિ.વ. શ્રી ની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) ફરીયાદના આખરી નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

| | –:મુદ્દાઃ– |
|---|---|
| ૧) | શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૩/૦૭/૧૭ ના કલાક ૧૬–૦૦ વાગ્યા દરમ્યાન ખોખરા મંગલ કોમ્પલેક્ષમાં આવેલ કૃણાલ બ્યુટીક નામની કપડાની દુકાનમાં ધંધાના પાર્ટનર શીપના હિસાબ બાબતે બોલાચાલી કરી ગંદી ગાળો બોલી ફરિયાદીશ્રીને કહેલ કે "આ દુકાન મારી છે તારે અહીંયા આવવાનુ નહી" તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુન્હો કર્યા અંગે ચાર્જશીટમાં જણાવ્યા મુજબ નોઘી ધી ઈ.પી.કો.કલમ– ૨૯૪(ખ), ૫૦૬(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ? |
| ૨) | શું હુકમ ? |

(૬) ઉપરોકત મુદ્દા અંગેના નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ : નકારમાં

મુદ્દા નં.૨ : આખરી હુકમ મુજબ.

// **કા ર ણો** //

(૭) આ કામે ફરિયાદપક્ષે ફરીયાદીશ્રી નયનભાઈ કરશનદાસ ગઢવી નાઓને આંક–૮ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓની સરતપાસ ધ્યાને લેતાં તેઓ એ જણાવેલ છે કે, બનાવ આજથી આશરે એક દોઢ વર્ષ અગાઉ બનેલો. બનાવના સમયે આ કામના આરોપીએ તેઓની સાથે ઝગડો બોલાચાલી કરેલ. જે અંગેની ફરિયાદ તેઓએ ખોખરા પોલીસ સ્ટેશનમાં લખાવેલી. તેઓને તેમની ફરીયાદ બતાવવામાં આવતા તેઓ તેમની સહી ઓળખી બતાવે છે જે ફરીયાદ આંક–૯ થી રજુ છે. આમ ફરીયાદીએ ફરીયાદ હકીકતને સમર્થન કરેલ ન હોય તેઓ ને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરી ઉ.ત. કરવામાં આવતા તેઓ ફરીયાદ મુજબની હકીકતને સમર્થન કરતા નથી. ત્યારબાદ સદર ફરીયાદીની આરોપીના વિ.વ.શ્રી એસ.પી.વાઘ ધ્વારા ઉ.ત. કરવામાં

આવતા તેઓ એ વાત ખરી હોવાનું જણાવે છે કે, બનાવમાં સામાન્ય બોલાચાલી થયેલી. એ વાત ખરી છે કે, ઉશ્કેરાટમાં આવી જઈને તેઓએ આ ફરિયાદ કરેલી. આમ ફરીયાદીને આરોપી સાથે સમાધાન થઈ જતા ફરીયાદ હકીકતને લેશમાત્ર સમર્થન આપતા ન હોય ત્યારે તેમને ન માનવા માટે કોઈ જ કારણ નથી તે હકીકતમાં તેઓ જ જયારે કલોઝીગ પુરસીસ આપી વધુ સાક્ષી તપાસવા માંગતા ન હોય તેવું જણાવતા હોય ત્યારે વધુ કોઈ સાક્ષી તપાસવામાં આવે તો પણ ફરીયાદપક્ષ પોતાનો કેસ સાબીત કરી શકે તેમ નથી. આમ ફરીયાદપક્ષ આરોપી સામેનો કેસ પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયા હોય તે મુજબ મુદ્દા નંબર ૧ નો નિર્ણય નકારમાં ઠરાવી મુદ્દા નંબર ર અંગે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**–:: હુ ક મ ::–**

(૧) આ કામના આરોપી કૈલાશભાઈ ઈશ્વરભાઈ કોષ્ટી, રહેવાસી– ૩૬/૪૨૭, સાગર એપાર્ટમેન્ટ, હાટકેશ્વર સર્કલ, અમરાઈવાડી, અમદાવાદ. ને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૪૮(૧) અન્વયે ધી ઈ.પી.કો.કલમ– ૨૯૪(ખ), ૫૦૬(૧) મુજબના ગુના સબબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

(૨) આરોપીના અગાઉના જામીન તથા જાતમુચરકા રદ કરવામા આવે છે.

(૩) આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭A મુજબ અપીલ સમય સુધીના સધ્ધર જામીન આપવાના રહેશે.

હુકમ આજરોજ તા. ૦૧, માહે જાન્યુઆરી સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૧/૦૧/૨૦૧૯
અમદાવાદ.

(સુરેશકુમાર કલુદાન ગઢવી)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નંબર.૧૩,અમદાવાદ.
CODE NO. GJ01023